પાલનપુરમાં તંત્રના નાક નીચે જ ગેરકાયદે ધમધમતી ફટાકડાની હાટડીઓ

બારૂદના ઢેર પર બેઠેલા પાલનપુર શહેરમાં વગર લાયસન્સે ધમધમી રહી છે દારૂગોળાની હાટડીઓ : દુર્ઘટના ઘટે તે પૂર્વે તંત્ર પગલાં ભરશે ખરા ?

પાલનપુર, તા. ૨૧ દિપાવલીના પાલનપુરમાં ગેરકાયદેસર હાટડીઓ ધમધમી રહી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

તહેવારોને લઈને રીતે ફટાકડાઓની શહેરના ભરચકવાળા વિસ્તારોમાં વગર મંજુરીએ ધમધમી રહેલી ફટાકડાની હાટડીઓને કારણે કોઈ મોટી હોનારત સર્જાય તે પૂર્વે તંત્ર સજાગ બને તેવી માંગ ઉઠી છે.

પાલનપુર શહેરમાં દિવાળીના તહેવારો પૂર્વે જ વેપારીઓ દ્વારા વગર લાઈસન્સે ફટાકડાની હાટડીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરના ભરચક વિસ્તારોમાં ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વગર ચાલતી ફટાકડાની હાટડીઓ ખુલ્લેઆમ દુર્ઘટનાને નોંતરી રહી છે. અરે, શહેરના રહેણાંકના વિસ્તારોમાં પણ ફટાકડાના ગોડાઉન રાત-દિન ધમધમી રહ્યા છે. ભુતકાળમાં હોનારતો સર્જાઈ ચુકી છે ત્યારે હસાના હડમાલામાં વ્યસ્ત રહેવાને બદલે જિલ્લા પ્રશાસન સત્વરે ફટાકડાઓના વેપારીઓને કાયદાનો પાઠ ભણાવે તેવી માંગ ઉઠી છે.

દિવાળીના તહેવારોને લઈને બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે પાલનપુરમાં વગર લાઈસન્સે હાલમાં ૧૦૦ થી વધુ હાટડીઓ અને મોટી સંખ્યામાં મોતનો સામાન લઈને લારીઓ બજારમાં ફરી રહી છે. ત્યારે બારૂદના ઢેર પર બેઠેલા પાલનપુરમાં અનહોની રાહ જોયા વિના તંત્ર તકેદારીના પગલાં ભરે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

ધનસુરામાં લોકસંવાદ કાર્યક્રમ યોજાયો

ધનસુરા શહેર અને તાલુકાના પ્રાણપ્રશ્નો અંગે ધનસુરા મામલતદાર કચેરી ખાતે જિલ્લા પ્રભારી અને ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલ તથા જિલ્લા પ્રભારી સચિવ થિરૂપુગલની ઉપસ્થિતિમાં લોક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તાલુકાના ૨૮૮ સ્થાનિક પ્રશ્નો જેવા કે હોસ્પિટલમાં ડૉક્ટરોની નિમણુંક, જાહેર શૌચાલય, ટ્રાફિક, માર્ગ, વગેરે અંગે રજૂઆતો કરવામાં આવી હતી. જેમાથી ૨૨૫ જેટલા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ, જિલ્લાપંચાયત પ્રમુખ હેમલતાબેન પટેલ, દિલીપસિંહ પરમાર, અતુલ બ્રહ્મભટ્ટ સહિત તમામ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં ફટાકડાના પરવાનગી વિનાના સ્ટોલ પર તંત્રએ ભીંસ વધારી

ફક્ત આઠ સ્ટોલ પર તપાસ હાથ ધરી : શહેરમાં ૧૫૦ થી વધુ સ્ટોલ ખુલ્યા છે

ડીસા પંથકમાં પરવાના વિના ફટાકડાના સ્ટોલ ચાલુ કરી નિતિનિયમોના ધજીયા ઉડાવનાર વેપારીઓ અંગે અખબારમાં છપાયેલ અહેવાલોને ધ્યાને લઈ તંત્રએ તપાસ હાથ ધરી હતી. જેમાં ડીસા શહેરમાં આઠ જગ્યાએ તપાસ હાથ ધરી જરૂરી કાર્યવાહી હાથ ધરતા ગેરકાયદેસર રીતે અને પરવાના વિના ફટાકડાના સ્ટોલ ચલાવતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો હતો.

ડીસા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં તંત્રની પરવાનગી વિના તેમજ ફાયર સેફટી વિના ધમધમી રહેલા ફટાકડાના સ્ટોલ બાબતે બી.કે.ન્યૂઝ દૈનિકમાં ફોટા સાથે છપાયેલ અહેવાલોને ધ્યાને લઈ ડીસા નાયબ કલેકટર દિગંત બ્રહ્મભટ્ટે ગેરકાયદેસર ચાલતા ફટાકડાના સ્ટોલ સામે કાર્યવાહી કરવા મામલતદાર શિવરાજ ગિલ્વેને આદેશ કર્યો હતો. શિવરાજ ગિલ્વેએ ગેરકાયદેસર ફટાકડાના સ્ટોલ સામે કાર્યવાહી કરવા માટે જુદી જુદી ચાર ટીમો બનાવી હતી. જેમાં ડીસામાં સોમવારે સાંજના સુમારે અધિકારીઓની ટીમે તપાસ શરૂ કરતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામી હતી. આ ટીમે પાલિકા સામે કમલેશ અશોકભાઈ ગેલોત, બગીચા પાસે ભરત રાજુભાઈ સિંધી, મામલતદાર રોડ પર ભરત જેઠાભાઈ દેવીપુજક તેમજ અન્ય એક સ્ટોલ, નવા બસસ્ટેન્ડ સામે રાયઘણ રણછોભાઈ પટણી તેમજ હંસાબેન કાંતિભાઈ દેવીપુજક, પાલિકા સામે નરેશ ખજુરમલ મહેશ્વરી અને સરકારી હોસ્પિટલ સામે નરસિંહ ધનશ્યામભાઈ મહેશ્વરીને ત્યાં તપાસ હાથ ધરી હતી અને પરવાનગી વિનાના સ્ટોલ સાંજ સુધીમાં બંધ કરવા તાકીદ કરી જો સ્ટોલ બંધ નહી કરાયતો ફટાકડાનો સ્ટોલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. આઠેય વેપારીઓને મામલતદાર કચેરી ખાતે જવાબો રજુ કરવા માટે બોલાવ્યા હતા.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

દોઢસો સ્ટોલમાં માત્ર આઠમાં તપાસ કરી

ડીસા શહેરમાં પરવાનગી વિનાના ફટાકડાના સ્ટોલ પર તંત્રએ તપાસ હાથ ધરી હતી. પરંતુ તેમાં વહાલા દવાલાની નિતી અપનાવી હોવાનો વેપારીઓએ આક્ષેપ કર્યો હતો. વેપારીઓએ જણાવ્યું હતું કે, ડીસા શહેરમાં દોઢસો કરતા વધારે ફટાકડાના સ્ટોલ ધમધમી રહ્યા છે. પરંતુ અધિકારીઓએ અન્ય વેપારીઓ પ્રત્યે કુણી લાગણી રાખી માત્ર અમને જ ટાર્ગેટ બનાવાયા છે.

સાબર ડેરીની ૧૬ બેઠકો માટે રસાકસીભરી ચૂંટણી યોજાઈ

અમૂલ ફેડરેશનના ચેરમેન અને પૂર્વ ગૃહમંત્રી સહિત ૫૧ ઉમેદવારોના ભાવિ મતપેટીમાં પૂરાયા

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા બેંકની ચૂટણી બાદ આજે મંગળવારે સાબર ડેરીની ૧૬ બેઠકો માટે મતદાન યોજાયું હતું જેમાં ૫૧ ઉમેદવારોનું ૯૧૬ જેટલા મતદારોએ મત આપી ભાવિ મતપેટીમાં બંધ કર્યુ હતું આજે બુધવારે સાબરડેરી ખાતે મતગણતરી હાથ ધરાશે. જેમાં અમૂલ ફેડરેશનના ચેરમેન જેઠાભાઈ પટેલ અને પૂર્વ ગૃહમંત્રી -ફૂલભાઈ પટેલના ભાવિનો ફેસલો થશે.

જિલ્લાની -તિષ્ઠીત સાબર ડેરીનું મંગળવારે મતદાન યોજાયું હતું. ૯૧૬ મતદારોએ ૫૧ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા મતદાન કર્યુ હતું. ડેરીની ચુંટણીમાં સભાસદલક્ષી, ઉત્કર્ષ અને પરીર્વતન પેનલ વચ્ચે ત્રિકોણીય જંગ ખેલાયો હતો જેમાં સભાસદલક્ષી વિકાસ પેનલ સાબર ડેરી પર ફરી પોતનો કબ્જો જમાવી રાખશે તેવું મતદારોના ઉતસાહ પરથી જણાઈ રહ્યુ હતું.

સાબર ડેરીના ૧૬ ઝોનના નિયામક મંડળની ચૂટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે -ંત અધિકારી એમ.કે.વ્યાસ અને મામલતદાર પથિક પટેલ ધ્વારા અસરકારક આયોજન ગોઠવવામાં આવ્યું હતું. તંત્ર ધ્વારા ચાર બુથ ઉભા કરવાની સાથે ૫૦ અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ સોંપવામાં આવી હતી. મતદાન સમયે કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પોલીસદળ તૈનાત કરી દેવામાં આવ્યું હતું. આજે સવારે ૮ કલાકે મતગણતરી હાથ ધરાશે બપોર સુધીમાં પરીણામો જાહેર થવાની સંભાવના છે.

પ્રાંતિજ નગરપાલિકાના સફાઈ કામદારોની હડતાળનો આખરે અંત

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ નગરપાલિકાના સફાઈ કામદારોનું ૨૮ દિવસ બાદ મૌખિક સમાધાન થતા કર્ચમારીઓ પુનઃ કામગીરીમાં લાગી ગયા છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ નગરપાલિકામાં કામ કરતા આરોગ્ય અને સફાઈ કામદારોનું ૨૮ દિવસ બાદ મૌખિક સમાધાન થયું હતું. પ્રાંતિજના પી.આઈ. ભરતભાઈ પટેલની મધ્યસ્થી બાદ ૫૭ જેટલા કર્મચારીઓનું સમાધાન થતા સફાઈ કામદારો પુનઃ કામગીરીમાં જોડાઈ ગયા હતા.

પ્રાંતિજના સત્તાવાળાઓના અકકડ વલણના કારણે લાંબા સમય સુધી ચાલેલી આ લડત ના કારણે સફાઈ-આરોગ્યનો પ્રશ્ન પેચિદો બન્યો હતો તો સફાઈમાં થયેલા ખર્ચા પણ નગરપાલિકાને ન પરવડે તેમ હોવા છતાંય કામદારો સાથે કોઈ વાતચીત કરી ન હતી. સત્તાવાળાઓએ સામે હાલતો નાના નાના આરોગ્ય સફાઈ કામદારો એ પોલીસની મધ્યસ્થાથી હડતાળ સમેટી લીધી હતી. નગરની જનતાએ સફાઈ સંદર્ભે હાશકારો અનુભવ્યો હતો જયારે સત્તાવાળાઓએ નમતું ન જોખતા નાના નાના કર્મચારીઓ પુનઃ ફરજ પર આવી ગયા હતા.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા તાલુકા પંચાયતની ડીઆઈ ગાડીની હરાજીમાં રૂ. ૧.૫૧ લાખ સુધી હરાજી પહોંચી હતી અને વધુ બોલી બોલનાર વ્યક્તિને કાયદેસર રીતે ગાડીનો કબજો સોંપવામાં આવ્યો હતો. ડીસા તાલુકા પંચાયતની ૯૧ મોડલની ડીઆઈ ગાડીની હરાજી માટે જાહેર નિવિધ પ્રસિદ્ધ કરાઈ હતી. જેમાં વાહનોના વેપારીઓ તેમજ અન્ય લોકોએ ડીપોઝીટ ભરી મંગળવારના રોજ ઈન્ચાર્જ ટીડીઓ જે.જે. સરોયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી હરાજી પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જેમાં ૧૬ વ્યક્તિઓએ ભાગ લીધો હતો અને રૂ. ૩૮૦૦૦ થી હરાજી શરૂ થઈ હતી. રૂ. ૧.૫૧ સુધી પહોંચી હતી. જેમાં વધુ બોલી બોલનાર નાના કાયરાના અગરાજી માધાજી વાઘેલાને કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ ગાડીનો કબ્જો સોંપવામાં આવ્યો હતો. જે આ બાબતને વાહન દલાલોએ જણાવ્યું હતું કે ગાડીના મોડલ જોતા કિંમત સારી ઉપજી છે.

તલોદ ટ્રિનિટી શાળાનું ગૌરવ

તલોદ, તા. ૨૧

તલોદની ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલના કેયુરે જિલ્લા યુવક મહોત્સવ ૨૦૧૪માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

સાબરકાંઠાના તલોદ સ્થિત ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણઃ૯ના વિદ્યાર્થી કેયુર સુરેશભાઈ વણકરે જિલ્લા યુવક મહોત્સવ ૨૦૧૪માં ભાગ લીધો હતો. જેમાં લોકગીત સ્પર્ધામાં કેયુરે પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળા-સમાજ અને તલોદનું ગૌરવ વધાર્યું છે. શાળા પરિવારે લોકગાયક કેયુરને અભિનંદન પાઠવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦